ગાંધીનગર સમાચાર


## જન્મદિને વધામણી



જયદિપ જયસુખલાલ જાટકીયા
મો. ૯૦૯૯૯ ૪૪૪૯૦



પુનિત ગિરીશચંદ્ર જાટકીયા
મો. ૯૦૯૯૯ ૪૪૪૯૦



મહેશભાઈ પટેલ
મો. ૯૮૨૪૩ ૪૯૬૧૫



નેહલબેન વી ટોળિયા
સભ્ય, સંગિની



પ્રાચી પ્રવીણભાઈ શાહ
મો. ૯૮૭૯૩ ૪૨૫૫૮



ફોરમ બારોટ
મો. ૭૮૭૮૯ ૦૫૨૫૨



લતાબેન ધીરુપુરી ગોસ્વામી
મો. ૮૬૯૦૧ ૧૦૭૨૦



તનિષ વિપુલભાઈ પટેલ

# આદર્શ નિવાસી શાળા વિવિધ સ્પર્ધાઓમાં ઝળકી

ગાંધીનગર, તા. ૧૭

જીસીઆરટી, ગાંધીનગર ખાતે વસતિ શિક્ષણ એકમ દ્વારા સહ અભ્યાસિક પ્રવૃત્તિ અંતર્ગત જીવન કૌશલ્યોને ઉજાગર કરવા હેતુ લોકનૃત્ય, રોલ પ્લે તથા પોસ્ટર સ્પર્ધા યોજવામાં આવી હતી.

આ સ્પર્ધામાં આદર્શ નિવાસી શાળા (અ જા કન્યા)માં અભ્યાસ કરતી ધોરણ-૯ની વિદ્યાર્થીની તમન્ના રાઠોડ, નેહા પરમાર, મિત્તલ વાઘેલા, ભારતી રાઠોડ, વિભૂતિ રાઠોડ, મનિષા લકુમે 'નશીલા દ્રવ્યોનો દુરુપયોગ' વિષયે લોકનૃત્ય 'વ્યસનમુક્તિ' પ્રસ્તુત કર્યું હતું અને પ્રથમ વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું.

તરુણો વચ્ચેના તંદુરસ્ત સંબંધો અંતર્ગત રોલ પ્લે સ્પર્ધામાં 'દીકરીને ભણાવો' વિષયે ધોરણ-૯ની વિદ્યાર્થીની માનસી પરમાર, દક્ષા પરમાર, ભારતી વાઘેલા, સુમન પારઘી, નિમિષા મકવાણાએ રોલ પ્લે રજૂ કરી દ્વિતિય ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું.

પોસ્ટર સ્પર્ધામાં ધોરણ-૧૧ની વિદ્યાર્થીની મિનાક્ષી રાઠોડે તારુણ્ય શિક્ષણ અંતર્ગત 'હું જે છું તેના પર મને ગર્વ છે' તથા આરતી રાઠોડે 'મહિલાઓને માન આપો' વિષયે ચિત્રનું સર્જન કર્યું હતું

તમામ સ્પર્ધાના માર્ગદર્શક તરીકે અમિતાબેન જે પરમારે સેવાઓ આપી હતી.

### અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉલેજ પરિસર ખાતે

# જિલ્લાનાં સ્પેશિયલ ટીચર્સ રમતોના તાલીમ કાર્યક્રમમાં



સૅન્ટ્રલ મિનિસ્ટ્રી ઑફ યુથ ઍન્ડ અફેર્સ, નવી દિલ્હીના ઉપક્રમે સ્પેશિયલ ઑલિમ્પિક્સ દ્વારા ગાંધીનગર જિલ્લાના સ્પેશિયલ ટીચર્સ માટે રમતગતમનો તાલીમ કાર્યક્રમ સૅક્ટર-૭માં ચૌધરી કૉલેજ પરિસર ખાતે ચાલી રહ્યો છે. ૪૫ જેટલા સ્પેશિયલ ટીચર્સને આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ રમતોની વિશદ તાલીમ આપવામાં આવી રહી છે. શુક્રવાર-શનિવારે થિયરીકલ તાલીમ પછી રવિવારે સવારે આ જ ટીચર્સને રમતોના આયોજનનું પ્રાયોગિક કાર્ય પણ સોંપવામાં આવશે. ગ્રાઉન્ડમાં લાઈન ડ્રૉ કરવાથી માંડીને વિજેતાઓને ઈનામો એનાયત કરવાની સઘળી કામગીરી આ શિક્ષકો સ્વયં નિભાવશે. જિલ્લાનાં વિશિષ્ટ બાળકો આ પ્રસંગે ઉપસ્થિત રહેશે, જેમને વિવિધ રમતો રમાડી સ્પેશિયલ ટીચર્સ પોતાની તાલીમની પૂર્ણાહુતિ કરશે.

### આયુષ દ્વારા

# આદર્શ નિવાસી શાળા ખાતે કૅન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

આદર્શ નિવાસી શાળા (અ જા કન્યા), સૅક્ટર-૮ ખાતે આયુષ દ્વારા કૅન્સર જાગૃતિ અંગે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૅન્સરના રોગ અંગે પ્રાથમિક જાણકારી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. સ્તન કૅન્સર, ગર્ભાશય કૅન્સર ઉપરાંત મોઢાના કૅન્સર વિશેની માહિતીનો આ કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વ્યસનોથી શરીર પર થતી ગંભીર અસરોની માહિતી પણ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. સાથે વિદ્યાર્થીઓમાં એક સૂત્ર પણ વહેતું કરવામાં આવ્યું હતું : જાગશો જો સમયસર તો કૅન્સર થશે કૅન્સલ.

ધોરણ-૯થી ૧૨ની તમામ વિદ્યાર્થીનીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીનીઓને કૅન્સરને લગતા વિવિધ સવાલો પણ પૂછવામાં આવ્યા હતા અને સાચો ઉત્તર આપનાર વિદ્યાર્થીનીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

કાર્યક્રમને અંતે આભારવિધિ શાળાનાં મદદનીશ શિક્ષક રંજનાબેન ગુપ્તાએ કરી હતી. આ.લે.સુ. ગંગાબેન આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

# અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજમાં ઈફેક્ટીવ પબ્લિક સ્પિકિંગ સૅમિનાર



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા શુક્રવારે વિદ્યાર્થીઓ માટે ઈફેક્ટીવ પબ્લિક સ્પિકિંગ વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું.

ત્રણેય વર્ષનાં મળીને કુલ ૩૫ જેટલા વિદ્યાર્થીઓને આ વર્કશૉપ અંતર્ગત પ્રેઝન્ટેશન, ઈફેક્ટીવ સ્પીચ, બૉડી લેંગ્વેજ, કૉન્ફીડન્સ બિલ્ડીંગ જેવી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી, જેનો હેતુ આજના વાતાવરણમાં 'આત્મવિશ્વાસ સાથે આગળ વધવાનાં પગથિયાં'નો અનુભવ કરાવવાનો હતો. સમગ્ર વર્કશૉપનું આયોજન કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ પ્રા. જીનાલી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### શિવરંજની દ્વારા આજે

# યુવાન-હોનહાર ગઝલ ગાયકોનો સુરીલો કાર્યક્રમ 'તોહફા-એ-ગઝલ'

## અર્ચિતા ભટ્ટાચાર્ય અને ખ્યાત ગઝલ ગાયક બિરેન્દ્ર વર્મા ગઝલ ગાયકીના આયામમાં પ્રેક્ષકોને રસ તરબોળ કરાવશે

ગાંધીનગર, તા. ૧૭

ગઝલના કાર્યક્રમોમાં સુજ્ઞ શ્રોતાઓને કંઈક અલગ જ પ્રકારનો અહેસાસ થાય તેવા હેતુ સાથે ગઝલ ગાયકીનો એક વિશિષ્ટ કાર્યક્રમ આપવાના પ્રયત્નરૂપે 'શિવરંજની' સંસ્થા દ્વારા ગઝલ અને સૂફી ગાયકીનો એક વિશિષ્ટ કાર્યક્રમ 'તોહફા-એ-ગઝલ' તા. ૧૮ સપ્ટેમ્બર ને રવિવારના રોજ રાત્રે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો છે.

શિવરંજનીના પ્રમુખ વાગ્મિન બુચ દ્વારા આ અંગેની વિગતો આપતાં જણાવવામાં આવ્યું છે કે ગાયકીનો યુવાન સ્વર એવાં અર્ચિતા ભટ્ટાચાર્ય (મુંબઈનિવાસી, ચાઈના ફેસ્ટીવલ ફેઈમ) અને ખ્યાત ગઝલ ગાયક બિરેન્દ્ર વર્મા આ કાર્યક્રમ અંતર્ગત ગઝલ ગાયકીના આયામમાં પ્રેક્ષકોને રસ તરબોળ કરાવશે. સંસ્થાના સભ્યો માટે આયોજિત આ કાર્યક્રમનો લાભ લેવા તેમણે સૌ સભ્યોનો નોતરું પાઠવ્યું છે.





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના સુનોક મુકામે ૮૨ વડીલોને તથા ખારી મુકામે ૬૫ વડીલોને ૩ કિ.ગ્રા ચોખા અને બિસ્કીટના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં પ્રજ્ઞા ઝણકાર, કીરીટભાઈ ઠક્કર, મિલિન્દભાઈ ગુપ્તે અને કમલેશભાઈ જોડાયા હતા.

## ડાયરેક્ટ ❤ સે

ફળ પરિપક્વ થયા પછી પડે છે....
અને માણસ પડ્યા પછી પરિપક્વ થાય છે !

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
રાઝ રિબૂટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બાર બાર દેખો
૧.૦૦

**સ્ક્રીન-૩**
ધી શેલોઝ (અંગ્રેજી)
૩.૪૫, ૭.૪૫
ધી શેલોઝ (હિન્દી)
૫.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
ફ્રિકી અલી
૧૨.૪૫
બાર બાર દેખો
૩.૪૫, ૯.૩૦
કૉલેજ બસ (ગુજરાતી)
૬.૪૫

**સ્ક્રીન-૫**
રાઝ રિબૂટ
સવારે ૧૦.૦૦
પિન્ક
૧.૦૦,૪.૦૦,૧૦.૦૦
ફ્રિકી અલી
૭.૦૦

# ટાઈમ મૅનેજમૅન્ટની કાળજીમાં બહુધા લોકો બેફિકર




mmtrivedi007@gmail.com

જીવન અમૂલ્ય છે કારણ કે તે સમયનો વહેતો અવિરત પ્રવાહ છે. તેમાં સ્મૃતિ-યાદોનાં મોજાં ઉછળી શકે છે પરંતુ વિતેલી કોઈપણ ક્ષણ જીવનમાં ફરી કદી આવતી નથી. સમય એ જ જીવનનું સાચું સ્વરૂપ છે. સમયને માપવા માટે વ્યક્તિની વય કેટલી એવું સૌ કોઈ જાણવા ચાહે છે. જીવન કર્મોથી જીવાય છે, છતાં માપવામાં વર્ષોની નોંધ લેવાય છે. સમય-સમયનું કામ અવશ્ય કરે છે. પણ માનવી તેના વિશે બેફિકર રહીને જીવન જીવી લે છે. એટલે જ ઘણા બધા સવાલો ઊભા થતા રહે છે. એક એક ક્ષણ જોડતાં જોઈએ તો કલાકો, દિવસો, માસ અને વર્ષોનો ચિતાર મળે છે. માણસ ઉપર બદલાયેલા વૈશ્વિક માહોલમાં તણાવ છે, ચિંતા છે પરંતુ આ માટે સમયના પ્રબંધનની અવગણનાથી કેટલો તણાવ વધ્યો તે જાણવા લોકો કાળજી લેતા નથી. કહેવાય છે કે તમે સમય સાચવી લો, સમય તમને સાચવી લેશે. 'આદમી કો ચાહિયે વક્ત સે ડર કર ચલે...'



સમય માણસ ઉપર પ્રભુત્વ ધરાવે છે અને સમયથી બહુ સંભાળીને ચાલવું જરૂરી છે. નાશવંત શરીરથી અમર થઈ જવાય છે પરંતુ સમયનો જો સદુપયોગ ના કરવામાં આવે તો માનવી પૃથ્વી ઉપર જીવન પૂરું કરી વિદાય લઈ લે તેની ખાસ કોઈ નોંધ લેતું નથી. દુખની દવા સમય છે, સુખનો અહેસાસ સમય છે અને વ્યક્તિની સફળતા તેના ટાઈમ મૅનેજમૅન્ટથી જ ઊભી થતી હોય છે. ઈશ્વરે બધાં માટે દિવસ-રાત એકસરખાં જ આપ્યાં છે છતાં દરેકના જીવનની ઉપલબ્ધિ જુદી-જુદી હોયછે. કિડીને કણ અને હાથીને મણ ભગવાન અવશ્ય પૂરાં પાડે છે પરંતુ માનવી ને ઈશ્વરના જોરદાર ટાઈમ મૅનેજમૅન્ટ ઉપર વિશ્વાસ બેસતો નથી તેથી જ અજંપો છે. કાર્યની સફળતા માટે પુરુષાર્થ ઉપરાંત પ્રારબ્ધ તો અવશ્ય મહત્ત્વનું છે. પરંતુ સમય મુજબ કામ સમયે થાય તે કાળજી સમાજ લેતો નથી. આના લીધે પછીથી ડર, ભય, ચિંતા, તણાવ પ્રવેશ કરે છે. સમય એ બધા સવાલોનો ઉમદા જવાબ ભગવાને જ રચેલો છે પણ કર્મ માટે માનવીએ કાળજી લેવી એ તેની જવાબદારી છે.

આપણે વાસ્તવમાં કર્મોમાં જીવીએ છીએ નહીં કે વર્ષોમાં ! તરસ લાગે ત્યારે ફલો ખોદવાનું શરૂ કરીએ તો તરસ્યા જ મરવાનો સમય આવી જાય છે. કાર્યસૂચિને યોગ્ય સમયે જરૂર અમલમાં મૂકવી એ પ્રથમ પગથિયું છે. ટાઈમ મૅનેજમૅન્ટના મૂળ અભાવે પરિણામ સુધી જઈ શકાતું નથી. સમયથી કાર્ય થાય તો સંતોષની મંઝીલ અવશ્ય મળે છે. બીજી મહત્ત્વની બાબત છે સમયની અગત્યના મૂલ્યાંકનનો જેની કાળજીથી ખોટા નિર્ણયો થતા અટકાવી શકાય ચે. સમય પૈસાથી વધુ કિંમતી છે પરંતુ પૈસો એ સમયની હરકતને અંકુશિત કરી શકતો નથી. ત્રીજી વાત છે સમયનો નહીં ગુમાવવાની કેમ કે વિતેલી ક્ષણ પરત મળી શકતી નથી.

જીવન તૂટેલા દિવસો, અરમાનો, પ્રયાસોનો એક સરવાળો જ હોય છે. માણસ ગમે તેટલું કરે પરંતુ સમયને ધ્યાનમાં લે નહીં તો એ અંતે હતાશાનો શિકાર થઈ જાય છે. પરીક્ષાનાં પેપર્સ લખતી વખતે સમય પર વિદ્યાર્થીઓની કેવી ચાંપતી નજર હોય છે ? એ જ તેની સાચી કિંમત હોય છે. ઍરોપ્લેન ટેક-ઑફ થાય કે લૅન્ડિંગ થાય ત્યારે આંખના પલકારા જેટલા સમયની બહુ જ કિંમત હોય છે કેમ કે તેમાં જીવન વિશેની જાગૃતીની સાચી ખેવના પણ વ્યાપી રહેલી છે. સમયનું હર એક એકમ લાજવાહ હોય છે. સમય કાઢવો મુશ્કેલ, સમય સાંભળવો જટિલ, સમયને સમજવો અઘરો અને સમયને ભૂલવો એ સૌથી કપરી બાબત હોય છે. હોસ્પિટલના ઑપરેશન થિયેટરની અંદર ઘડિયાળનો કાંટો બહુ રૂઆબથી ચાલતો જોવા મળે છે તો કોઈ સ્વજનની અંતિમ વિધિમાં સમય દિલનો પીડા આપતો કાતિલ હત્યારા જેવો બની રહે છે. સમય એ પ્રબંધનમાં રહેવા કદિ ટેવાયેલો નથી. માટે જ ટાઈમ મૅનેજમૅન્ટ અતિ મહત્ત્વની બાબતો પૈકી એક છે. અવસર ચૂકેલો મેહુલિયો પ્રિય લાગી શકતો નથી એવું જ સમય માટે છે. સમયની ગાડી જતી રહે પછી જિંદગીના પ્લૅટફૉર્મ ઉપર યોગ્ય સમયનો પણ ઈંતઝાર કરવો પડે છે. જીવનનો આનંદ માણવા માટે જીવનના પ્રત્યેક હિસ્સાને સમજવો પડે છે. અર્થાત સમય વિશે સભાન રહેવું પડે છે. ભારતીય સમાજ આ અંગે બહુધા બેફિકર જોવા મળે છે. રાજ્યાભિષેકમાંથી વનવાસ રામને મળી ગયો માત્ર એક રાત્રીના સમયની એ કરૂણતા હતી ! રાત્રી, દિવસ એ સમયના મુખ્ય પ્રતિનિધિ છે માટે જાગૃત થવું અતિ આવશ્યક છે.

રોજ રસ્તામાં મળી વાતો કરી છૂટી પડી, જિંદગી ક્યારેય મારા ઘર સુધી આવી નહીં !

(કિસન સોસા)

# બનાસકાંઠા મિત્ર મંડળની આજે બેઠક

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં વસતા બનાસકાંઠા જિલ્લાના વતનીઓના સંગઠન માટે કાર્યરત સંસ્થા બનાસકાંઠા મિત્ર મંડળની દ્વિતિય બેઠકનું રવિવાર, તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ આયોજન કરવામાં આવ્યું છે.

ગ્રામ ટૅકનોલૉજી સંસ્થાની સામે, સ્વર્ણિમ પાર્ક ખાતે સાંજે ૪.૩૦ કલાકે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઉપસ્થિત રહેવા બનાસકાંઠા જિલ્લાના સૌ રહીશોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# વાચકોને આમંત્રણ

## 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

## 'મારું વતન - વહાલું વતન'